કેસ દાખલ કર્યા તા.૦૪/૦૮/૨૦૨૩
કેસ રજી. કર્યા તા.૦૪/૧૨/૨૦૨૩
કેસ ફેંસલ કર્યા તા.૧૫/૦૬/૨૦૨૬
અવધિ : વર્ષ–૦૨, માસ–૧૦, દિવસ–૧૧

सत्यमेव जयते

મહે. એડી. ચીફ જ્યુ. મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. સાવરકુંડલા, જિ. અમરેલી

ફોજદારી કેસ નં. :– ૨૨૯૫/૨૦૨૩

આંક :–

ફરીયાદી :– દિનેશભાઇ હરેશભાઇ રાઠોડ, ,
રહે. શરમાળીયા મહાદેવ પાસે, પિયાવા, તા.સાવરકુંડલા, જિ.અમરેલી
વિરૂદ્ધ
આરોપી :– પલ્સ એન્ટરપ્રાઇઝના વહીવટ કર્તા
ગુણવંતભાઇ વલ્લભભાઇ શેટા,
એડ્રેસ.(૧) મું. સાંગાવદર તા.–વ–જિ.બોટાદ.
એડ્રેસ.(૨) પલ્સ એન્ટરપ્રાઇઝ,
પહેલો માળ, ૨૨–રાજ આર્કેડ, ગેલેક્ષી સર્કલ, પાલ,સુરત,
(મો. નં. ૯૯૯૮૧૨૨૭૬૩)

ગુનો :– ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ – ૧૩૮ મુજબ

ફરીયાદી તરફે વિ.વકીલ શ્રી એ.એ.સોસા
આરોપી તરફે વિ.વકીલ શ્રી જે.એચ.હેલૈયા

–:: ચુકાદો ::–

[૧] આ કામના ફરીયાદીએ અત્રેની અદાલતમાં તા.૦૪.૦૮.૨૦૨૩ ના રોજ કથિત આરોપી સામે ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ હેઠળના શિક્ષાપાત્ર ગુના સબબની ખાનગી ફરીયાદ આપતાં સદર ફરીયાદ સૌપ્રથમ ફોજદારી ઇન્કવાયરી રજીસ્ટરમાં નં.૫૩/૨૦૨૩ થી નોંધવામાં આવેલી અને ત્યારબાદ ફોજદારી કેસ રજીસ્ટરમાં તા.૦૪.૧૨.૨૦૨૩ ના હુકમથી નોંધવામાં આવેલ છે અને કથિત આરોપી સામે ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબ શિક્ષાપાત્ર ગુનાનું સંજ્ઞાન લઇ આરોપીને સમન્સ ઇસ્યુ કરવામાં આવેલ છે અને તે રીતે હાલના કેસની ઇન્સાફી કાર્યવાહીનો આરંભ થયેલ છે.

[૨] **ફરીયાદપક્ષની હકીકત :–** સદર કેસમાં ફરીયાદની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી પલ્સ એન્ટરપ્રાઇઝ નામની પેઢીના વહીવટકર્તા છે અને તેઓ સરકારમાંથી સ્ટ્રીટ લાઇટનો કોન્ટ્રાક્ટ રાખી પોતાનું ગુજરાન

ચલાવે છે. આ કામના આરોપીએ ફરીયાદીને પીયાવા તથા વંડા ગામની સ્ટ્રીટ લાઇટની ઇલેકટ્રીક કામગીરી કરવા અર્થે નોકરીમાં રાખેલ. ગઇ તા.૦૬.૦૫.૨૦૨૩ ના રોજ ફરીયાદી વંડા ગામે સ્ટ્રીટ લાઇટની કામગીરી અર્થે વિજપોલ ઉપર ઈલેકટ્રીક કામગીરી કરતાં હતાં ત્યારે ફરીયાદીને ઇલેકટ્રીક શોક લાગતા ફરીયાદી વિજપોલ પરથી નીચે પડી ગયેલા અને બેભાન થઇ ગયેલા. ફરીયાદીને નાક–કાન અને મોઢામાંથી લોહી નીકળવા લાગતાં ફરીયાદીના પરિવારજનો તેમને તુરંત જ હોસ્પિટલે સારવાર માટે લઇ ગયેલા અને સારવાર દરમ્યિાન ફરીયાદીને માથામાં તાર બેસાડેલાં. ફરીયાદીની સારવાર ચાલુ હતી ત્યારે આરોપી પણ તુરંત જ હોસ્પિટલે પહોંચી ગયેલા અને તેમણે ફરીયાદીને કહેલ કે ''પોલીસ કેસ કરશો નહી, હું તમને રકમ આપીશ''. ફરીયાદીને આરોપી ઉપર ભરોસો અને વિશ્વાસ હોઇ ફરીયાદીએ સમાધાન કરેલું અને સમાધાન પેટે આરોપીએ પોતાની પેઢીના નામે ચાલતા બેંક એકાઉન્ટ આઇ.ડી.બી.આઇ. બેંક, સુરત શાખાનો જે બેંક એકાઉન્ટ નં.૨૦૩૭૧૦૨૦૦૦૦૧૧૮૯૩ નો રૂા.૧,૭૫,૦૦૦/–(અંકે રૂપિયા એક લાખ પંચોતેર હજાર પુરા) નો ચેક નં.૦૯૦૫૫૦, તા.૧૨.૦૬.૨૦૨૩ ના રોજનો ચેક આપેલો અને આ ચેક તેની પાકતી તારીખે બેંકમાં જમાં કરાવ્યેથી સમાધાન પેટે નકકી થયેલ રકમ રૂા.૧,૭૫,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પંચોતેર હજાર પુરા) ફરીયાદીને મળી જશે તેવો વિશ્વાસ અને ભરોસો આપેલો. ત્યારબાદ, મજકુર ફરીયાદીએ સદર ચેક તેની પાકતી મુદ્દતે પોતાના ખાતાવાળી અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., સાવરકુંડલા શાખામાં એકાઉન્ટ નં.૨૦૨૦૦૩૫૯૦૭૪૨ માં તા.૨૭.૦૬.૨૦૨૩ ના રોજ આરોપીની સુચના મુજબ સદરહું ચેક પોતાના ખાતાવાળી બેંકમાં રજુ કરેલો, જે ચેકનો અપુરતાં ભંડોળના કારણોસર અનાદર થયેલો. જે અંગે ફરીયાદીએ આરોપી પાસે પૈસાની ઉઘરાણી કરતાં આરોપીએ ફરીયાદીને પહેલાં તો કોઇ દાદ આપેલી નહીં પરંતુ, પછીથી ઉડાઉ જવાબ આપેલ. ત્યારબાદ, ફરીયાદીએ આરોપીને તેમના વકીલશ્રી મારફતે આરોપીના રહેઠાંણના સરનામે રજીસ્ટર્ડ પોસ્ટ એડી.થી 'Demand Notice' (માંગણા નોટિસ) આપેલી. જે નોટિસ આરોપીને બજી ગયેલી અને આરોપીએ ફરીયાદીની નોટિસનો પણ ઉડાઉ અને ખોટો જવાબ આપેલો. આમ, આરોપીએ ફરીયાદીની નોટિસ મુજબનો અમલ નહીં કરતાં ફરીયાદીએ આરોપી વિરૂદ્ધ ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબ શિક્ષાપાત્ર ગુનો કરેલ હોઇ હાલની ફરીયાદ કરેલાનું જણાવેલ છે.

[૩] <u>અદાલતી કાર્યવાહી</u> :– સદર ખાનગી ફરીયાદ અત્રેની અદાલતમાં દાખલ થયા બાદ ફરીયાદીની ઉપરોક્ત ફરીયાદ, વેરીફીકેશન તથા રજૂ કરવામાં આવેલા દસ્તાવેજી પૂરાવાઓના આધારે હાલની ફરીયાદ અંગે સંજ્ઞાન લઇ, કથિત આરોપી સામે ફોજદારી કાર્યવાહી અધિનિયમની કલમ–૨૦૪ અન્વયે ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ હેઠળ શિક્ષાપાત્ર ગુના માટે પ્રોસેસનો હુકમ કરવામાં આવેલ છે. આરોપીને ધોરણસર સમન્સની બજવણી થતાં આરોપી તેમના વિ.વકીલશ્રી સાથે નામદાર અદાલતમાં હાજર રહેલાં છે અને ત્યારબાદ, ફોજદારી કાર્યવાહી

અધિનિયમની કલમ–૨૦૭ મુજબ આરોપીને ફરીયાદપક્ષના તમામ દસ્તાવેજોની નકલ વિનામુલ્યે પૂરા પાડવામાં આવેલ છે. દસ્તાવેજોની તમામ નકલ મળી ગયા અંગેની ખાતરી કર્યા બાદ આરોપીને તેમની સામેના ગુનાની સમજ આપી ફોજદારી કાર્યવાહી અધિનિયમની કલમ–૨૫૧ મુજબ આરોપીનું ગુના સંબંધમાં નિવેદન (પ્લી) આંક–૦૭ થી ગઇ તા.૨૩.૦૨.૨૦૨૪ ના રોજ લેવામાં આવતાં, આરોપીએ ગુનાનો ઇન્કાર કરેલ છે. જેથી, કેસ આગળ ચલાવવામાં આવેલ અને કેસની ઈન્સાફી કાર્યવાહી ફરીયાદપક્ષના પુરાવા ઉપર મુલતવી રાખવામાં આવેલ.

[૪] **ફરીયાદપક્ષનો પુરાવો :–** સદર કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા માટે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પૂરાવો રજૂ કરેલ છે.

–: મૌખિક પૂરાવો :–		
ક્રમ	**સાહેદનું નામ અને વિગત**	**આંક**
૧	ફરીયાદી–દિનેશભાઇ હરેશભાઇ રાઠોડનું સરતપાસનું સોગંધનામું	૦૪

–: દસ્તાવેજી પૂરાવો :–		
ક્રમ	**દસ્તાવેજની વિગત**	**આંક**
૧	તકરારી અસલ ચેક નં.૦૯૦૫૫૦	૧૫
૨	ચેક રીટર્ન મેમો	૧૬
૩	આરોપીને આપેલ નોટિસની સ્થળપ્રત	૧૭
૪	આરોપીને આપેલ નોટિસનો પોસ્ટલ ચાર્જ ભર્યાની સફેદ પાવતી	૧૮
૫	આરોપીને નોટિસ મળી ગયા અંગેની એકનોલેજમેન્ટ સ્લીપ	૧૯
૬	પોસ્ટનુ ટ્રેક કનસાઇનમેન્ટ	૨૦
૭	આરોપીએ ફરીયાદીને મોકલાવેલ નોટીસનો જવાબ	૨૧

[૫] **ફરીયાદપક્ષનો પુરાવો બંધ જાહેર (Closing) :–** આ સિવાય ફરીયાદપક્ષ દ્વારા અન્ય કોઇ પૂરાવો રજૂ રાખવામાં આવેલ નથી. જો કે, ફરીયાદપક્ષ તરફે આંક–૨૨ થી પૂરાવા બંધની પુરશીસ રજૂ થયેલ છે. સદર કામે ફરીયાદપક્ષ દ્વારા રજૂ રાખવામાં આવેલ તમામ પુરાવાઓને અસલ સ્વરૂપે અથવા પ્રમાણિત નકલ સ્વરૂપે કે ખરી નકલ સ્વરૂપે હોવાથી અને ફરીયાદીની સરતપાસમાં યોગ્ય રીતે રજુ થયેલ હોવાથી તેમજ અન્ય રીતે રેકર્ડ ઉપર આવેલ હોઇ સુચિત કે પાકો આંક આપીને પુરાવામાં વંચાણે લેવામાં આવેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સદર કેસમાં આરોપીપક્ષ દ્વારા ફરીયાદીની વિગતવાર અને લંબાણપુર્વકની ઉલટતપાસ લેવામાં આવેલ છે.

[૬] **આરોપીનું વિશેષ નિવેદન (FS) :–** આ કામે ફરીયાદપક્ષનો પુરાવો બંધ જાહેર કરવામાં આવ્યા બાદ ફોજદારી કાર્યવાહી અધિનિયમની કલમ–૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન પણ નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ ફરીયાદપક્ષના કેસની મહત્વની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે, પરંતુ સાથે–સાથે પોતાના બચાવમાં સાહેદો તપાસવા માંગતા હોવાનો અને પોતે સોગંધ ઉપર જુબાની આપવા માંગતા હોવાનો સ્પષ્ટપણે સ્વીકાર કરેલ છે. વિશેષમાં, પોતે ફરીયાદ બાબતે અજાણ હોવાનું અને ફરીયાદીએ ખોટો કેસ કરેલ હોવાનું જણાવી પોતે નિર્દોષ હોઇ છોડી મુકવા વિનંતી ગુજારેલ છે.

[૭] **આરોપીપક્ષનો પુરાવો :–** આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવ્યા બાદ આરોપીએ પોતે આંક–૨૫ થી પોતાનું સરતપાસનું સોગંધનામું રજુ રાખેલ છે. આ સિવાય અન્ય કોઇ પુરાવો રજુ રાખેલ નથી.

અનુક્રમ નં.	પુરાવાની વિગત	આંક
૧.	આરોપી ગુણવંતભાઇ વલ્લભભાઇ શેટાની સરતપાસનું સોગંધનામું	૨૫

[૮] **આરોપીપક્ષનો પુરાવો બંધ જાહેર (Closing) :–** સદર કામે આરોપીએ પોતાની સરતપાસનું સોગંધનામું રજુ રાખ્યા સિવાય આરોપીપક્ષ દ્વારા અન્ય કોઇ પૂરાવો રજૂ રાખવામાં આવેલ નથી. જો કે, આરોપીપક્ષ તરફે આંક–૨૮ થી પૂરાવા બંધની પુરશીસ રજૂ થયેલ છે.

[૯] **પક્ષકારોની દલીલો :–** સદર કેસમાં પુરાવો નોંધવાની કાર્યવાહી સંપુર્ણ થયા બાદ સદર કામ દલીલો માટે મુલતવી રાખવામાં આવેલ છે અને વિગતવાર મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે અને લેખિત દલીલો રેકર્ડ ઉપર નોંધવામાં આવેલ છે.

(૯.૧) ફરીયાદપક્ષની દલીલો :– સદર કેસમાં ફરીયાદીના વિ.વકીલશ્રીએ લેખિત દલીલો ઉપરાંત પોતાની મુદ્દાસર મૌખિક દલીલોમાં જણાવેલ છે કે, નામદાર કોર્ટ દ્વારા સદર કામે ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબના ગુનાનું સંજ્ઞાન લેવામાં આવેલ છે અને આરોપી દ્વારા ગુનો કબુલ કરવાનો ઈન્કાર કરવામાં આવ્યા બાદ જ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. સદર કેસના ફરીયાદી લાઇટનું છુટક કામ કરે છે અને આરોપી જી.ઈ.બી.ના નાનામોટાં ઈન્સ્ટ્રુમેન્ટ સપ્લાયનું કામ કરે છે. આરોપીએ કોન્ટ્રાક્ટ રાખેલો અને ફરીયાદીને કામ સોંપેલું અને આ દરમ્યિાન તા.૦૬.૦૫.૨૦૨૩ ના રોજ કામકાજ કરતી વખતે ફરીયાદીને વીજળીનો શોક લાગતાં ગંભીર ઈજાઓ થયેલી. જેથી, ફરીયાદીએ ફરીયાદ કરવાનું કહેતાં આરોપી સાથે સમાધાન થયેલું અને ગામના સરપંચની હાજરીમાં આરોપીએ વળતર તરીકે ચેક આપેલો. જેનો અનાદર થયેલો અને પછી હાલની ફરીયાદ કરેલી. આરોપીએ ફરીયાદીની નોટિસનો જવાબ આપેલો છે, જે આંક–૨૧ થી રજુ છે અને આંક–૦૮ થી સમાધાન પુરશીસ આપેલી છે.

આંક–૨૫ થી આરોપીએ પોતે જુબાની આપેલી છે. આરોપીએ કાયદાકીય રીતે કોઇ બચાવ લીધેલો નથી. આરોપી ફરીયાદીને ઓળખતાં જ નથી, જોયેલાં નથી તેવો બચાવ લીધેલ છે. નોટિસના જવાબમાં પણ આવો જ બચાવ લીધેલો છે. આરોપી પલ્સ એન્ટરપ્રાઇઝ નામની કોઇ કંપની ધરાવતાં નથી, તેવું નોટિસમાં જણાવેલું છે પરંતુ, આંક–૨૫ ની પોતાના જુબાનીમાં આરોપી પોતે ખંડન કરે છે અને જણાવે છે કે, પોતે પલ્સ નામની પેઢી ધરાવે છે. જો ફરીયાદીએ ચેક ચોરી લીધો હોય તો આરોપીનું નામ, સરનામું, મોબાઇલ નંબર વિગેરે હકીકત ફરીયાદી કેવી રીતે જાણતાં હોય?. આરોપીએ તકરારી ચેકમાં પોતાની સહી હોવાનું કબુલ રાખેલ છે. ગાડીમાંથી ચેક ચોરાયો હાવાનું જણાવે છે પરંતુ કોઇ પોલીસ ફરીયાદ કરેલ નથી. ફરીયાદી અને આરોપી એક જ ગાડીમાં આવતાં–જતાં હોવાનું પણ આરોપી નકારે છે. આરોપી ફરીયાદીના પુરાવાનું ખંડન કરી શક્યા નથી. ચેકમાં સહી હોવા બાબતે આરોપીએ કોઇ બચાવ લીધેલ નથી. ફરીયાદીની જુબાની પરથી ફરીયાદીએ તકરારી ચેક જેટલી રકમ આરોપી પાસેથી લેવાની નીકળતી હોવાનું સાબિત થાય છે. તે મુજબ તકરારી ચેકનું લેણું કાયદેસરનું હોવાનું પણ સાબિત થાય છે. સદર કેસમાં આરોપી તરફે બચાવપક્ષ દ્વારા તકરારી ચેકમાં આરોપીની સહી બાબતે કોઇ જ તકરાર લેવામાં આવેલ નથી. ઉલ્ટાનું, આરોપી તરફે તકરારી ચેકમાં પોતાની સહી હોવાનું સ્વીકારવામાં આવેલ છે અને કહેવાતો તકરારી ચેક ફરીયાદીએ ચોરી કરીને લઇ લીધેલ હોવાનો બચાવ લીધેલ છે પરંતુ, આ બાબતે કોઇ પોલીસ ફરીયાદ કે અન્ય કોઇ કાર્યવાહી કરેલ નથી. આંક–૧૫ વાળો તકરારી ચેક ફરીયાદી પાસે કેવી રીતે આવ્યો તેનો કોઇ સંતોષજનક બચાવ આરોપી લઇ શકેલાં નથી. જેનાથી પણ સ્પષ્ટપણે સાબિત થાય છે કે, હાલના કથિત આરોપીએ પોતાના દેવાંની કાયદેસરની જવાબદારી સ્વીકારીને હાલનો કહેવાતો તકરારી ચેક ફરીયાદીને આપેલ છે. ફરીયાદપક્ષ દ્વારા ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮(એ)(બી)(સી) માં કરવામાં આવેલ જોગવાઇઓનું પાલન કરવામાં આવેલ છે. ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૯ મુજબના અનુમાનનું ખંડન કરવાની જવાબદારી આરોપીના શિરે હોવા છતાં આરોપીપક્ષ દ્વારા ફરીયાદપક્ષના પુરાવાનું કોઇ ખંડન કરવામાં આવેલ નથી. વધુમાં, ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૧૮ મુજબના અનુમાન વિરૂદ્ધની પણ કોઇ હકીકત આરોપી તરફે પુરવાર કરવામાં આવેલ નથી. આમ, તમામ રીતે ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ પુરવાર કરવામાં સફળ થયેલ છે. જેથી, ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુના માટે આરોપીને કસુરવાર ઠરાવીને સમાજમાં દાખલો બેસે તેવી સજા કરવા તેમજ ફોજદારી કાર્યવાહી અધિનિયમની કલમ–૩૫૭ મુજબ ફરીયાદીને વળતર અપાવવાની વિનંતી ગુજારવામાં આવેલ છે. જો કે, ફરીયાદપક્ષ દ્વારા પોતાના કેસ તેમજ દલીલોના સમર્થનમાં કોઇ "Case Laws" કે "Authorities" રજૂ રાખવામાં આવેલ નથી.

(૯.૨) આરોપીપક્ષની દલીલો :– કથિત આરોપી તરફે આરોપીના વિ.વકીલશ્રીએ પોતાની મૌખિક દલીલોમાં જણાવેલ છે કે, સમગ્ર ફરીયાદ હકીકત ઉપજાવી કાઢેલી છે. આરોપી ફરીયાદીને ઓળખતાં જ નથી અને કયારેય જોયેલાં પણ નથી. આરોપી ઈલેક્ટ્રીક કામનો કોન્ટ્રાક્ટ રાખતાં હોય અને ફરીયાદી આરોપીને ત્યાં કામ કે નોકરી કરતાં હોય તેવો કોઇ આધાર–પુરાવો પણ ફરીયાદીએ રજુ રાખેલ નથી. ફરીયાદીને વીજળીનો શોક લાગ્યો હોય અને ફરીયાદીએ સારવાર લીધી હોય તેવો કોઇ પુરાવો પણ ફરીયાદીએ રજુ રાખેલ નથી. આ કામે ફરીયાદીની ઉલટતપાસ મહત્વની છે. ફરીયાદીના કહેવા મુજબ આરોપીનું નામ સરપંચના કાકાએ લખાવેલ છે. ફરીયાદીને ચેક બાબતે કોઇ જાણકારી નથી. આરોપી પલ્સ એન્ટરપ્રાઇઝ નામની પેઢી ચલાવતાં હોય તેવો કોઇ પુરાવો ફરીયાદીએ રજુ રાખેલ નથી. ફરીયાદી અને આરોપી વચ્ચે કોઇ સમાધાન થયેલ નથી. આરોપીએ લેણું સ્વીકારતી કોઇ પુરશીસ રજુ રાખેલ નથી. ચેકની હકીકત પણ ફરીયાદી જાણતાં નથી. ફરીયાદીને કોઇ માહિતી નથી. ફરીયાદી માત્ર ધવલભાઇ નામની વ્યક્તિને ઓળખે છે. ધવલભાઇ સાથે આરોપીને કોઇ લેવાદેવાં નથી. ફરીયાદીને કોઇ ચેક પીચાવા કે વંડા મુકામે આપેલ નથી, તેવું ફરીયાદી સ્વીકારે છે. કોઇ વ્યવહાર પેટે આપેલ નહીં હોવાનું પણ સ્વીકારે છે. ફરીયાદીના પુરાવામાં ઘણી વિસંગતતાઓ છે. ફરીયાદીની નોટિસ આંક–૧૭ થી રજુ છે. જેમાં બે સરનામાં રજુ રાખેલ છે. આરોપીએ નોટિસનો જવાબ આપેલો છે. ચેકનો દરૂપયોગ થયેલો છે. કાયદેસરનું લેણું નથી. ચેક ચોરી થયેલો છે. ચેક એકાઉન્ટ પેઇ ચેક નથી. આરોપીએ FS માં વિગતવાર જવાબ આપેલ છે. ફરયાદી કેસ સાબિત કરી શક્યા નથી. જેથી, નિર્દોષ ઠરાવી છોડી મુકવા અને ખોટો કેસ કરેલ હોવાથી ફરીયાદી પાસેથી વળતર અપાવવા વિનંતી ગુજારેલ છે. તકરારી ચેકમાં Body Writing અલગ–અલગ છે. ફરીયાદીનું લેણું કાયદેસરનું નથી. ખરી હકીકતે ફરીયાદીએ આરોપીની ચેક બુક ચોરી કરી લીધેલી છે અને ચેક બુકમાંથી આરોપીની સહીવાળો કોરો ચેક કાઢી લઇ પોતાના નામે વટાવી ચેકનો અનાદર કરાવેલ છે. ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટમાં વખતો વખત સુધારા કરવા પાછળ ધારાસભાનો મુખ્ય ઉદ્દેશ્ય વાણિજ્ય અને વેપારને પ્રોત્સાહન આપવાના હેતુથી વિનિમય પ્રથાને વટાઉખતના માધ્યમથી વધુ પારદર્શી બનાવવા માટે ચેકના વ્યવહારો વધારવાનો છે. જો કે, હાલના કિસ્સામાં ફરીયાદપક્ષ "Legal dues and enforceable debt" સાબિત કરવામાં સદંતર નિષ્ફળ નીવડેલ છે. સદર કેસમાં આંક–૧ ની ફરીયાદ અને આંક–૪ મુજબની ફરીયાદીની જુબાની તેમજ ફરીયાદીની ઉલટતપાસ સાગમટે વંચાણે લેવામાં આવે તો કેસની હકીકતો સંબંધે મહત્વનો વિરોધાભાસ પણ રેકર્ડ ઉપર આવેલ છે. આમ, આવાં સંજોગોમાં કહેવાતા નાંણા "Legally enforceable debt" કહીં શકાય નહીં અને જો નાંણા "Legally enforceable debt" સાબિત ન થાય તો ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબનો ગુનો બને નહીં. આવાં સંજોગોમાં અનુમાનનુ ખંડન થયાનુ સ્પષ્ટપણે માની શકાય તેમ છે. આમ, ફરીયાદી પોતાનો કેસ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોઇ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા

અરજ ગુજારેલ છે. જો કે, બચાવપક્ષ દ્વારા પોતાના કેસ તેમજ દલીલોના સમર્થનમાં કોઈ "Case Laws" કે "Authorities" રજૂ રાખવામાં આવેલ નથી.

[૧૦] હાલની ફરીયાદના કામે રજૂ થયેલ પૂરાવો અને મૌખિક દલીલો ધ્યાને લેતાં કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્ધા ઉપસ્થિત થાય છે.

–:: મુદ્ધા ::–

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ફરીયાદીને ઈલેકટ્રીક શોક લાગતા વીજપોલ પરથી નીચે પડી જતાં થયેલ ઈજા બાબતે પોલીસ કેસ નહીં કરવાના ભાગરૂપ ફરીયાદી અને આરોપી વચ્ચે થયેલ સમાધાન પેટે અને સારવાર માટે આરોપીએ રૂ.૧,૭૫,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પંચોતેર હજાર પુરા) ની કિંમતનો આઇ.ડી.બી.આઇ.બેંક, સુરત શાખાનો ફરીયાદીના નામનો પોતાના ખાતાંનો ચેક નં.૦૯૦૫૫૦, તા.૧૨.૦૬.૨૦૨૩ ના રોજનો આપેલો અને આ ચેક ફરીયાદીએ પોતાના ખાતાવાળી બેંકમાં જમાં કરતાં સદરી ચેક "Funds Insufficient" ના શેરા સાથે સ્વીકાર્યા/પગાર થયા વગર પરત આવેલો અને સદર તકરારી ચેક મુજબના નાંણા વસુલાતની માંગણા નોટિસ આપ્યા છતાં આરોપીએ ફરીયાદીને તકરારી ચેક મુજબની રકમ નહીં ચુકવી આપીને ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ હેઠળ શિક્ષાપાત્ર ગુનો કર્યો છે ?

૨. શું હુકમ ?

[૧૧] ઉપરોક્ત મુદ્ધાઓ અનુસંધાને નામદાર કોર્ટનો ન્યાયિક નિર્ણય નીચે મુજબ છે.

૧. " હકારમાં "

૨. આખરી હુકમ મુજબ

–:: કારણો ::–

[૧૨] હવે, સૌપ્રથમ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબનો ગુનો બનેલ હોવાની હકીકત સાબિત કરવા માટે સદર કાયદાની થોડી સમજ જરૂરી બને છે. જે મુજબ, ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટના પ્રકરણ–૧૭ "અપૂરતા ભંડોળના કારણે ચેકની અસ્વીકૃતી દંડ સજા" માંની કલમ–૧૩૮, કલમ–૧૪૨ તથા કલમ–૧૪૬ સાગમટે વંચાણે લેવી પડે અને ઉપરોક્ત તમામ કલમો સાગમટે વંચાણે લેતાં ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ, ૧૮૮૧ની કલમ–૧૩૮ મુજબનો ગુનો સાબિત કરવા માટે નીચે મુજબનાં આવશ્યક તત્વો સાબિત કરવા પડે.

–:: આવશ્યક તત્વો ::–

૧. આરોપીએ પોતાના દ્વારા નિભાવવામાં આવતાં ખાતામાંથી નાણાં ચુકવવા ફરીયાદીને ચેક આપેલ.

૨. આરોપીએ ફરીયાદીને આવો ચેક સમગ્ર અથવા અંશત: કાયદેસરનું દેવું અથવા જવાબદારી અદા કરવા માટે આપેલ.

૩. ચેક જે તારીખે લખેલ હતો તે તારીખથી ચેકની નિયત સમયમર્યાદામાં રજૂ કરવામાં આવેલ હતો.
૪. ચેક આરોપીના ખાતામાં અપૂરતા ભંડોળને કારણે પરત થયેલ હતો.
૫. ચેક પરત થયાની માહિતી મળ્યા બાદ ફરીયાદીએ ૩૦ દિવસની સમયમર્યાદામાં નાણાંની માંગણી કરતી લેખિત નોટિસ ચેક લખનાર (આરોપી) ને મોકલેલ હતી.
૬. આરોપીને આવી લેખિત નોટિસ મળી ગયેલ હોવા છતાં માંગણા નોટિસમાં જણાવ્યા મુજબ ચેકના નાણાં ૧૫ દિવસની સમયમર્યાદામાં આરોપીએ ફરીયાદીને ચુકવી આપેલા નથી.
૭. સમયમર્યાદા પુરી થયા બાદ ફરીયાદીએ એક મહિનાના સમયગાળામાં લેખિત ફરીયાદ હકુમત ધરાવતી અદાલતમાં કરેલ છે.

વધુમાં, ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ, ૧૮૮૧ની કલમ–૧૧૮(એ) તથા કલમ–૧૩૯ અનુસાર ફરીયાદીની તરફેણમાં અનુમાન કરી શકાય તેવી જોગવાઇ છે. ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ, ૧૮૮૧ની કલમ–૧૧૮(એ) ની જોગવાઇ અનુસાર જ્યાં સુધી વિરૂદ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી દરેક વટાઉખત અવેજના માટે કરી આપ્યાનું માની લેવામાં આવશે. તે જ રીતે, ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ, ૧૮૮૧ની કલમ–૧૩૯ ની જોગવાઇ વંચાણે લેવામાં આવે તો, જ્યાં સુધી વિરૂદ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી અનુમાન કરવામાં આવશે કે ચેકના ધારણકર્તાએ તે ચેક કલમ–૧૩૮ની જોગવાઇ અનુસાર તેમના કાયદેસરના દેવાં કે જવાબદારીની અંશત: અથવા પૂર્ણ ચુકવણી માટે મેળવવામાં આવેલ હશે. ઉપરોક્ત બંને કલમો હેઠળ ફરીયાદીની તરફેણમાં અનુમાન થઇ શકે. પરંતુ, બંને જોગવાઇઓમાં "વિરૂદ્ધનું સાબિત ન થાય તો" તેવાં શબ્દો પ્રયોજવામાં આવેલા છે એટલે કે આ બંને અનુમાનો ખંડિત થઇ શકે તે પ્રકારના અનુમાનો છે. વધુમાં, "વિરૂદ્ધનું સાબિત ન થાય", તે શબ્દોના અર્થઘટન અનુસાર અનુમાનનું ખંડન સચોટ પુરાવાથી કરવાનું રહે છે અને આવા અનુમાનનું ખંડન કરવાનો બોજો આરોપીના શિરે રહે છે. પરંતુ, આવા અનુમાનનું ખંડન કરવા માટે સાબિતીનો બોજો આરોપીના શિરે ફરીયાદી જેટલો હોતો નથી. આરોપીએ તે અંગે કોઇ સીધો પુરાવો રજૂ કરવો ફરજીયાત નથી. પરંતુ, આરોપી ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન ઉભા થયેલા શંકાસ્પદ સંજોગો અને વિરોધાભાસી તત્વોને આધાર બનાવીને આવા અનુમાનોનું ખંડન કરી શકેલ હોવાનું પુરવાર કરી શકે છે.

[૧૩] ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ, ૧૮૮૧ની કલમ–૧૩૮ મુજબનો ગુનો બનેલ હોવા બાબતેના આવશ્યક તત્વો ચકાસતાં જણાય છે કે, ચેક કાયદેસરની જવાબદારીના પૂર્ણ અથવા આંશિક ચુકવણી માટેનો હોવો જોઇએ. સદર કામે ફરીયાદીએ પોતાની સરતપાસના સોગંદનામામાં ફરીયાદને સમર્થનકારી તમામ હકીકતો જણાવેલ છે. હાલના

કેસની ફરીયાદ હકીકત તેમજ તકરારી ચેક બાબતેની કાર્યવાહી નીચે મુજબના કોષ્ટક પરથી સરળતાથી સમજી શકાય તેમ છે.

ક્રમ	વિગત	
૧	તકરારી ચેક નં.	૦૯૦૫૫૦
૨	ચેકની રકમ	રૂ.૧,૭૫,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પંચોતેર હજાર પુરા)
૩	આરોપીની બેંક અને શાખાનું સરનામું (ચેક જે બેંકનો હોય તેનું નામ અને સરનામું)	IDBI બેંક, અમરોલી, સુરત શાખા
૪	ફરીયાદીની બેંક અને શાખાનું સરનામું (ચેક જે બેંકમાં રજુ કર્યો હોય તેનું નામ અને સરનામું)	અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., વંડા શાખા
૫	ચેકની તારીખ	તા.૧૨.૦૬.૨૦૨૩
૬	ચેક ભર્યાની તારીખ (નિયત સમયમર્યાદામાં રજુ થયો છે ?)	તા.૨૭.૦૬.૨૦૨૩ (હા, ત્રણ મહીનામાં)
૭	ચેક પરત ફર્યાની તારીખ	તા.૨૮.૦૬.૨૦૨૩ (જ્યારે ફરીયાદીની બેંકે ફરીયાદીને જાણ કરી)
૮	ચેક કયા શેરા સાથે પરત આવેલ છે તેની વિગત	Funds Insufficient ના શેરા સાથે
૯	આરોપીને નોટિસ આપી તે તારીખ (ફરીયાદીને જાણ થઇ તેના ૩૦ દિવસની સમયમર્યાદામાં નોટિસ આપવી જોઇએ)	તા.૦૬.૦૭.૨૦૨૩ (તા.૨૮.૦૭.૨૦૨૩ સુધી નોટિસ આપી શકાય)
૧૦	આરોપીને નોટિસ બજી તે તારીખ	તા.૧૮.૦૭.૨૦૨૩
૧૧	આરોપીને નોટિસ બજી ગયા બાદ પેમેન્ટ સમય (દિન–૧૫ માં) પુરો થયા તે તારીખ (દિન–૧૫ ની ગણતરી કરતી વખતે જે દિવસે નોટિસ બજી હોય તે દિવસ ગણતરીમાં લેવાનો નથી એટલે કે, તા.૧૮.૦૭.૨૦૨૩ નો દિવસ ગણતરીમાં લેવાશે નહીં પરંતુ, છેલ્લો દિવસ ગણતરીમાં લેવાશે.)	તા.૦૨.૦૮.૨૦૨૩
૧૨	કોઝ ઓફ એક્શન શરૂ થયા તારીખ	તા.૦૩.૦૮.૨૦૨૩ (તા.૦૨.૦૮.૨૦૨૩ ના રોજ ૧૫ દિવસનો સમય પુરો થતો હોઇ છેલ્લો દિવસ ગણતરીમાં લેવાશે)
૧૩	કેટલાં દિવસમાં ફરીયાદ દાખલ કરવી પડે ?	પેમેન્ટ સમય પુરો થયાના એક મહિનામાં ફરીયાદ દાખલ કરવી પડે.(તા.૦૩.૦૮.૨૦૨૩ નો દિવસ ગણતરીમાં લઇને એક મહિનો એટલે કે

		તા.૦૨.૦૯.૨૦૨૩ સુધી ફરીયાદ દાખલ કરવી પડે)
૧૪	ફરીયાદ દાખલ કરી તે તારીખ	તા.૦૪.૦૮.૨૦૨૩ (ફરીયાદ નિયત સમયમર્યાદામાં દાખલ થયેલ છે.)

[૧૪] આમ, ઉપરોક્ત કોષ્ટક મુજબ ફરીયાદપક્ષના કેસની હકીકતોની ચર્ચા કરતાં સ્પષ્ટ થાય છે કે, સદર કેસમાં તકરારી ચેક તેના વેધાનિક સમયગાળામાં ફરીયાદીએ પોતાની બેંકમાં જમા કરાવેલ છે. આમ, સદરી ચેક તેની સમયમર્યાદામાં બેંકમાં રજુ થયેલ હોવાનું ફલિત થાય છે. ત્યારબાદ, સદરી તકરારી ચેક સ્વીકારાયા વિના પરત ફરતાં ૩૦ દિવસની સમયમર્યાદામાં નોટિસ આપવામાં આવેલ છે. જે નોટિસ બજેલ હોવાનું જણાય છે. ત્યારબાદ યોગ્ય સમયમર્યાદામાં ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે. ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ ના ગુના સબબ ઇન્સાફી કાર્યવાહી કરવા માટે કલમ–૧૩૮(બી) ની જોગવાઇ અનુસાર વેધાનિક નોટિસ દિન–૩૦ ની મુદ્ધતમાં આરોપીને મોકલવાની હોય છે અને નોટિસ મળ્યા બાદ દિન–૧૫ માં ચેકની રકમ ચુકવી આપવાની માંગણી કરવાની હોય છે. સદર કામે આંક–૧૭ થી નોટિસની સ્થળપ્રત રજૂ છે. જે નોટિસમાં તકરારી ચેક પરત ફર્યા અંગેની જાણ કરીને તકરારી ચેકની રકમ નોટિસ મળ્યેથી દિન–૧૫ ની મુદ્ધતમાં ફરીયાદીને ચુકવી આપવાની માંગણી કરવામાં આવેલ છે. આમ, ઉપરોક્ત ચર્ચા અનુસાર ફરીયાદપક્ષ દ્વારા ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮(એ)(બી)(સી) માં કરવામાં આવેલ જોગવાઇઓનું પાલન કરવામાં આવેલ હોવાનું અને ફરીયાદ દાખલ થવા સુધીની તમામ કાર્યવાહી નિયમાનુસાર કાયદા મુજબ થયેલ હોવાનું ફલિત અને સાબિત થાય છે.

[૧૫] પુરાવાની છણાવટ અને નિષ્કર્ષના કારણો :– જો કે, સદર કેસમાં ઉભયપક્ષોની દલીલો સાંભળી અને કેસના પૂરાવા સહિતના તમામ કાગળો વંચાણે લીધા. જેથી, પક્ષકારોની મૌખિક દલીલો અને રજૂઆતોનું તેમજ ઉપરોક્ત ચર્ચાનું પુનરાવર્તન ટાળવાનો અહીં વ્યાજબી અને યથાર્થ પ્રયાસ કરવામાં આવેલ છે.

(૧૫.૧) બિનતકરારી કે બિનવિવાદી મુદ્દા :– ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ, ૧૮૮૧ની કલમ–૧૩૮ મુજબનો ગુનો બનેલ હોવા બાબતેના આવશ્યક તત્વો ચકાસતાં જણાય છે કે, ચેક કાયદેસરની જવાબદારીના પૂર્ણ અથવા આંશિક ચુકવણી માટેનો હોવો જોઇએ. સદર કામે ફરીયાદીએ પોતાની સરતપાસના સોગંદનામામાં ફરીયાદને સમર્થનકારી હકીકતો જણાવેલ છે અને ફરીયાદપક્ષના પુરાવાનું તેમજ ફરીયાદપક્ષની તરફેણમાં કરવામાં આવેલ અનુમાનનું ખંડન કરવા માટે બચાવપક્ષ તરફે આરોપીના વિ.વકીલશ્રી દ્વારા ફરીયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ છે. સદર કેસમાં ફરીયાદી તથા ફરીયાદપક્ષના સાહેદોની જુબાની, આરોપીની જુબાની તેમજ આરોપીપક્ષ દ્વારા રજુ રાખવામાં આવેલ પુરાવો, રેકર્ડ પરનો દસ્તાવેજી પુરાવો તથા પક્ષકારોની મૌખિક રજુઆતો અને દલીલો પરથી કેટલાંક

બિનવિવાદી કે બિનતકરારી મુદ્દાઓ સ્પષ્ટપણે અલગ તરી આવે છે. પુરાવાની છણાવટ અને મુલ્યાંકન કરવાના તબક્કે આ મુદ્દાઓનું વારંવાર પુનરાવર્તન ન થાય તે હેતુંથી તેમનો વિગતવાર ઉલ્લેખ કરવાનું યથાર્થ જણાય છે. જે નીચે મુજબ છે.

–:: <u>બિનતકરારી કે બિનવિવાદી કે સ્વીકૃત મુદ્દા</u> ::–

<u><૧></u> આરોપી દ્વારા આંક–૧૫ થી રજુ થયેલ તકરારી ચેકમાં પોતાની સહી હોવા કે નહીં હોવા બાબતે કોઇ તકરાર લેવામાં આવેલ નથી. ઉલ્ટાનું, આરોપીપક્ષના પુરાવાના તબક્કે આરોપી દ્વારા આંક–૨૫ થી રજુ રાખવામાં આવેલ સરતપાસના સોગંધનામા અને પોતાની ઉલટતપાસમાં આરોપીએ આંક–૧૫ વાળા તકરારી ચેકમાં પોતાની સહી હોવાનું સ્પષ્ટપણે સ્વીકારેલ છે.

<u><૨></u> આરોપી દ્વારા એવો બચાવ લેવામાં આવેલ છે કે, આરોપી પલ્સ એન્ટરપ્રાઇઝ નામની કોઇ પેઢી ધરાવતાં હોય કે તેનો વહીવટ કરતાં હોય તે દર્શાવતો કોઇ પુરાવો ફરીયાદી દ્વારા રજુ રાખવામાં આવેલ નથી. પરંતુ, આંક–૨૫ થી પોતાની ઉલટતપાસમાં આરોપીએ પલ્સ એન્ટરપ્રાઇઝ નામની પેઢીના પોતે વહીવટકર્તા હોવાની હકીકત સ્પષ્ટપણે સ્વીકારેલ છે.

(૧૫.૨) <u>આરોપી તરફે બચાવ અને પુરાવાને અનુરૂપ છણાવટ</u> :– ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન તેમજ આરોપીપક્ષ દ્વાર રજુ રાખવામાં આવેલાં પુરાવા દરમ્યાન તથા મૌખિક દલીલોમાં આરોપી તરફે કેટલીક સ્પષ્ટ બાબતો ઉપર પોતાનો ઠોસ બચાવ રજુ કરેલ છે અને ફરીયાદપક્ષની તરફેણમાં થતાં અનુમાનનું ખંડન કરવા પુરતો પ્રયાસ કરેલ છે. કથિત આરોપી તરફે પોતાના બચાવમાં કેટલાંક પાસાંઓ આવરી લીધેલ છે. જેથી, તમામ પાસાંઓની વિસ્તૃત છણાવટ મુદ્દાસર રીતે નીચે મુજબ કરવામાં આવેલ છે.

(૧૫.૨ : ૧) <u>આરોપીનો એકમાત્ર બચાવ કે તેઓ ફરીયાદીને ઓળખતાં નથી કે ક્યારેય જોયેલ નથી અને ફરીયાદીએ આરોપીની સહીવાળો કોરો ચેક ચોરી લીધેલ છે</u> :– હાલના કેસમાં આરોપી તરફે એવો સ્પષ્ટ અને સચોટ બચાવ લેવામાં આવેલ છે કે આરોપી ફરીયાદીને ઓળખતાં નથી કે જોયા સુદ્ધાં નથી અને ફરીયાદીએ આરોપીની સહીવાળો કોરો ચેક ચોરી લીધેલ છે અથવાં યેનકેન પ્રકારે મેળવી લીધેલ છે.

આરોપીના ઉપરોક્ત બચાવના સંદર્ભમાં રેકર્ડ પરના પુરાવાની છણાવટ કરતાં સ્પષ્ટ થાય છે કે, સદર કામે ફરીયાદી દ્વારા આંક–૨૧ થી આરોપીએ ફરીયાદીને આપેલ નોટિસનો જવાબ રજુ રાખેલ છે. તેમાં આરોપીએ એવો સ્પષ્ટ બચાવ લીધેલ છે કે, આરોપીની ઓફિસ ઉપર બેસતાં ધવલપુરી ગોસ્વામી નામની વ્યક્તિ પાસે ફરીયાદી દિનેશભાઇ બેસવા આવતાં હતાં. હવે, જ્યારે આરોપી ફરીયાદીનો નામજોગ ઉલ્લેખ કરીને સ્પષ્ટપણે એવું જણાવતાં હોય કે ફરીયાદી આરોપીની ઓફિસે બેસતાં ધવલપુરી ગોસ્વામી પાસે બેસવા આવતાં હતા, તો તેનો અર્થ એવો થઇ

શકે કે આરોપી ફરીયાદીને નામજોગ ઓળખે પણ છે અને ફરીયાદીને અગાઉ પણ જોયેલ છે. જેથી, ફરીયાદીને નહીં ઓળખતાં હોવાની અને ક્યારેય જોયેલ પણ નહીં હોવાની આરોપીની દલીલ ગ્રાહ્ય રાખી શકાય કે માની શકાય તેમ નથી.

બીજું કે, આરોપીએ ફરીયાદીને આપેલ આંક–૨૧ વાળા નોટિસના જવાબમાં આરોપીએ એવો પણ બચાવ લીધેલ છે કે, ફરીયાદી આરોપીની ઓફિસમાં ખોટી ઓળખાણ આપી બેસવા આવી નજર ચુકવીને તકરારી ચેક લઇ લીધેલ છે અને તેનો દુરૂપયોગ કરેલ છે. જ્યારે આંક–૨૫ થી રજુ થયેલ આરોપીની સરતપાસના સોગંધનામા અન્વયે ફરીયાદી દ્વારા કરવામાં આવેલી આરોપીની ઉલટતપાસ વખતે આરોપીએ સ્પષ્ટપણે જણાવેલ છે કે, આંક–૧૫ વાળો તકરારી ચેક તેમની ગાડીમાંથી ચોરી લેવામાં આવેલ છે. આમ, મજકુર આરોપી દ્વારા આંક–૧૫ વાળા તકરારી ચેક બાબતે પોતાના બચાવમાં બે તદ્દન વિરોધાભાસી અને ભિન્ન–ભિન્ન હકીકતો જણાવવામાં આવેલ છે. વળી, મજકુર આરોપીએ પોતાની ઉલટતપાસમાં પોતે પલ્સ એન્ટરપ્રાઇઝ નામની પેઢીનાં પોતે વહીવટકર્તા હોવાની અને આંક–૧૫ વાળા તકરારી ચેકમાં તેમની પોતાની સહી હોવાની હકીકત સ્પષ્ટપણે સ્વીકારેલ છે તેવાં સંજોગોમાં અને પોતાના વિરોધાભાસી બચાવમાં કહેવાતો વ્યવહાર ફરીયાદી અને આરોપી વચ્ચે નહીં થયેલ હોવાનો આરોપીનો બચાવ ટકી શકે તેમ નથી અને આવાં સંજોગોમાં કહેવાતો વ્યવહાર ફરીયાદી અને આરોપી વચ્ચે જ થયેલ હોવાનું ફલિત અને સાબિત થાય છે.

બીજું કે, આરોપીએ આંક–૧૫ વાળા તકરારી ચેકમાં પોતાની સહી હોવાનું સ્પષ્ટપણે સ્વીકારેલ છે પરંતુ તકરારી ચેક ફરીયાદીએ યેનકેન પ્રકારે મેળવી લીધેલ હોવાનો કે ચોરી લીધેલ હોવાની જ તકરાર લીધેલ છે તેવાં સંજોગોમાં ફરીયાદીના પુરાવાનું ખંડન કરવાની સંપુર્ણ જવાબદારી અને બોજો આરોપીના શિરે હોવા છતાં આરોપી ફરીયાદીના પુરાવાનું ખંડન કરવામાં અને ખંડનકારી પુરાવો રજુ રાખવામાં સદંતર નિષ્ફળ નિવડેલ છે. કારણ કે, કહેવાતો તકરારી ચેક ફરીયાદીએ ચોરી લીધેલ હોવાના પોતાના આક્ષેપ બાબતે આરોપીએ કોઇ પોલીસ ફરીયાદ કરેલ નથી કે ધવલપુરી ગોસ્વામી નામની કોઇ વ્યક્તિને પોતાના સાહેદ તરીકે સોગંધ ઉપર તપાસેલાં નથી. માત્ર મોઘમ કથનો અને આક્ષેપિત હકીકતો ખંડનકારી પુરાવાનું સ્વરૂપ લઇ શકે નહીં. આમ, ફરીયાદીનું લેણું કાયદેસરનું લેણું નથી, તેવી હકીકત માની લઇ શકાય તેમ નથી.

(૧૫.૨ : ૨) આરોપીના શંકાસ્પદ બચાવે ફરીયાદીની તરફેણમાં કાયદાના અનુમાનને બળ પુરૂં પાડેલ છે :–

હાલના કેસમાં આરોપી દ્વારા એવો સ્પષ્ટ બચાવ લેવામાં આવેલ છે કે, ફરીયાદી દ્વારા તેમની વિરૂદ્ધ ખોટી ફરીયાદ દાખલ કરેલ છે, આરોપીએ કોઇ ચેક ફરિયાદીને આપેલ નથી, ફરીયાદી અને આરોપી વચ્ચે કોઇ વ્યવહાર થયેલ નથી, પરંતુ ફરીયાદીએ આરોપીની સહીવાળો બેરર ચેક ચોરી લીધેલ છે. સદર કેસમાં કથિત આરોપી મજકુર

ફરીયાદીના પુરાવાનું ખંડન કરવામાં સદંતર નિષ્ફળ નીવડેલ છે, એટલું જ નહીં પરંતુ, પોતે પણ ખંડનકારી પુરાવો રજુ રાખી શકેલાં નથી. જો કે, પોતાના ઉક્ત બચાવમાં આરોપીએ કોઇ સાહેદોને તપાસેલાં નથી. આરોપીએ પોતાના ઉક્ત બચાવના સંદર્ભમાં પોતે કોઇ પોલીસ ફરીયાદ કરી હોય કે કાયદાની અદાલતમાં કોઇ ખાનગી ફરીયાદ દાખલ કરી હોય તેવું રેકર્ડ ઉપર આવેલ નથી. ઉલ્ટાનું, આરોપીએ આવી કોઇ જ કાર્યવાહી નહીં કરેલ હોવાનું પોતાની ઉલટતપાસમાં સ્વીકારેલ છે.

આમ, કથિત આરોપીએ ફરીયાદીના પુરાવાઓનું ખંડન કરવાના બદલે ફરીયાદીને નહીં ઓળખતાં હોવાનો અને તકરારી ચેક ચોરી કરવામાં આવેલ હોવાનું જણાવીને તેમજ તકરારી ચેકમાં પોતાની સહી હોવાનું સ્વીકારીને તદ્દન વિપરીત અને વિરોધાભાસી બચાવ લીધેલ છે, જે પ્રથમ દ્રષ્ટિએ જ અતાર્કિક જણાતું હોઇ માની શકાય તેમ નથી. કથિત આરોપીએ આંક–૧૫ વાળા તકરારી ચેકમાં પોતાની સહી હોવાનું અને સદર ચેક તેમના પોતાના ખાતાનો હોવાનું સ્પષ્ટપણે સ્વીકારેલ છે તેવાં સંજોગોમાં ફરીયાદીનું લેણું કાયદેસરનું લેણું નથી તેટલી જ હકીકતનું આરોપીએ ખંડન કરવાનું અને તે બાબતે ખંડનકારી પુરાવો રજુ રાખવાનું રહે છે. પરંતુ, હાલના કેસમાં આરોપી દ્વારા ફરીયાદીના પુરાવાનું કોઇ ખંડન કરવામાં આવેલ નથી કે કોઇ ખંડનકારી પુરાવો પણ રજુ રાખવામાં આવેલ નથી. આરોપીની સહીવાળો તકરારી ચેક ફરીયાદીએ ચોરી લીધેલ હોવાના માત્ર મોઘમ આક્ષેપ અને કથન કરવામાં આવેલ છે, જે માની લઇ શકાય તેમ નથી.

[૧૬] <u>નિષ્કર્ષ</u> :– ઉપરોક્ત ચર્ચામાં બચાવપક્ષની તમામ રજુઆતો વિશે વિસ્તૃત છણાવટ કરવામાં આવેલ છે. તેથી ઉપરોક્ચ ચર્ચાનું પુનરાવર્તન ટાળવાનો અહીં યથાર્થ પ્રયાસ કરવામાં આવેલ છે. જો કે, અત્રેની નામદાર કોર્ટ દ્વારા પુરાવાના મુલ્યાંકન વખતે ઉપરોક્ત તમામ મુદ્દાઓને વિસ્તૃતપણે આવરી લીધેલ છે. બચાવપક્ષે પોતાના બચાવમાં માત્ર કથનો અને નિવેદનો કરેલ છે, જે કોઇ પણ પ્રકારની સાબિતીના અભાવે ધ્યાને લઇ શકાય નહીં તેમજ બચાવપક્ષના માત્ર કથનો કે નિવેદનોના આધારે ફરીયાદીના કેસની ફરીયાદ હકીકત ખોટી છે તેવું માની લઇ શકાય નહીં. સદર કેસના આરોપી ઉપર કાયદેસરનું દેવું હોવા અંગેના અનુમાનનું ખંડન કરવામાં બચાવપક્ષ સદંતર નિષ્ફળ રહેલ હોઇ બાકીની અસંગત દલીલોની અહીં ચર્ચા કરવાનું અસ્થાને જણાય છે. આ કામે કાયદાકીય જોગવાઇ તથા નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા આપવામાં આવેલ ચુકાદાને વંચાણે લેવામાં આવે તો, નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા Mallavarapu Kasivisweswara Rao Vs. Thadikonda Ramulu Firm & Ors. 2008 (8) Scale 680 માં ઠરાવેલ છે કે, "Under Section 118(a) of the Negotiable Instruments Act, the court is obliged to presume, until the contrary is proved, that the promissory note was made for consideration. It is also a settled position that the initial burden in this regard lies on the defendant to prove the

non–existence of consideration by bringing on record such facts and circumstances which would lead the Court to believe the non–existence of the consideration either by direct evidence or by preponderance of probabilities showing that the existence of consideration was improbable, doubtful or illegal. .."

ઉપરોક્ત ચુકાદાને વંચાણે લેવામાં આવે તો નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા કલમ–૧૧૮(એ) અંગેની ચર્ચા કરેલ છે. અને ઠરાવેલ છે કે, આરોપી દ્વારા એ સાબિત કરવાનું રહે છે કે, જે વ્યવહાર થયેલ છે તેનું કોઈ જ અસ્તિત્વ નથી તથા તે અંગેનો પૂરાવો રજૂ કરવાનો રહે અથવા તો, જે કાંઈ પૂરાવો ફરીયાદપક્ષે રજૂ કરવામાં આવે તો તે પૂરાવા પરથી જો કોઈ શંકા ઉપસ્થિત થતી હોય તો, તે શંકા બાદ જો આરોપી પૂરવાર કરે કે કહેવાતું કોઈ લેણું ફરીયાદી હકદાર નથી તો ત્યારબાદ ફરીયાદીએ આવું લેણું હતું કે કેમ, તે પૂરવાર કરવાનું રહે છે. તે સિવાય કલમ–૧૧૮ (એ) મુજબ વિરૂદ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી એવું માની લેવાનું રહે છે કે, ચેક અવેજ માટે આપવામાં આવેલ અને તેમાં જ્યારે પણ સહી કરવામાં આવેલ ત્યારે તે પૂરતા અવેજ સાથે જ સ્વીકારવામાં આવેલ. હાલના કિસ્સામાં પણ આરોપી દ્વારા તેવો કોઈ પૂરાવો રજૂ કરેલ નથી, જેનાથી વાદગ્રસ્ત ચેક તેઓએ ફરીયાદીને કોઈ અવેજ વગર આપેલ હોય અથવા તો ફરીયાદીએ કોઈ અન્ય રીતે વાદગ્રસ્ત તકરારી ચેક મેળવીને તેનો દુરૂપયોગ કરેલ હોય, જેથી વાદગ્રસ્ત તકરારી ચેક જે–તે સમયે કાયદેસરનાં લેણાં માટે આપેલ હોવાનું પૂરવાર થાય છે.

આમ, હાલના કેસમાં પણ ફરીયાદીની સ્વીકૃત હકીકતના આધારે ફરીયાદી પાસે રહેલો ચેક આરોપીએ કોઈ કાયદેસરનાં દેવાની ચુકવણી પેટે આપેલ હોવાની હકીકત પુરવાર થાય છે. આમ, ફરીયાદી પોતાના કેસની હકીકત સબળ પુરાવાના આધારે પુરવાર કરવામાં સફળ રહેલ હોવાનું નામદાર કોર્ટનું સ્પષ્ટપણે માનવું છે. જો કે, નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા Rangappa Vs. Sri Mohan, dt. 07.05.2010, Criminal Appeal No. 1020/2010 માં ઠરાવેલ છે કે, (Para–22) Because both section 138 and 139 require that the Court `shall presume' the liability of the drawer of the cheques for the amounts for which the cheques are drawn, ..., it is obligatory on the Court to raise this presumption in every case where the factual basis for the raising of the presumption has been established. It introduces an exception to the general rule as to the burden of proof in criminal cases and shifts the onus on to the accused (...). Such a presumption is a presumption of law, as distinguished from a presumption of fact which describes provisions by which the court may presume a certain state of affairs. Presumptions are rules of evidence and do not conflict with the presumption of innocence,

because by the latter all that is meant is that the prosecution is obliged to prove the case against the accused beyond reasonable doubt. The obligation on the prosecution may be discharged with the help of presumptions of law or fact unless the accused adduces evidence showing the reasonable probability of the non– existence of the presumed fact.

ઉપરોક્ત ચુકાદાને વંચાણે લેવામાં આવે તો નામદાર સર્વોચ્ચ અદાલત દ્ધારા કલમ–૧૩૮ તથા કલમ–૧૩૯ અંગેની ચર્ચા કરેલ છે અને ઠરાવેલ છે કે, ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ મુજબ જ્યારે આરોપી દ્ધારા ફરીયાદીને ચેક આપવામાં આવેલ હોય અને તે ચેક બેંકમાં જમા કરાવ્યેથી જો તે ચેક રીટર્ન થાય તો, તે અંગેની જાણ થયેથી ફરીયાદી દ્ધારા આરોપીને નોટિસ આપવાની રહે છે. તે નોટિસ મળેથી જો આરોપી નોટિસનો અમલ ન કરે તો, ફરીયાદી તે અંગેની ફરીયાદ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબ દાખલ કરી શકે છે. અને કલમ–૧૩૯ મુજબ વિરૂદ્ધનું અનુમાન સાબિત કરવાની જવાબદારી આરોપીની રહે છે અને ફરીયાદી દ્ધારા રજૂ રાખવામાં આવેલ પૂરાવા તથા જરૂર પડ્યેથી આરોપી પોતાના પૂરાવા રજૂ રાખીને જો એવું પૂરવાર કરે કે, ચેકમાં દર્શાવેલ રકમ મુજબનું ફરીયાદીનું કાયદેસરનું લેણું ન હતું અથવા તો ફરીયાદી ચેકમાં દર્શાવેલ રકમ કાયદેસરરીતે મેળવવા હક્કદાર નથી તો ત્યારબાદ તે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદી ઉપર તબદીલ થાય છે. હાલના કેસમાં આરોપી દ્ધારા એવો કોઈ પૂરાવો આપેલ નથી કે ફરીયાદીનું કાયદેસરનું કોઈ લેણું નથી. ફરીયાદી દ્ધારા આરોપીએ આપેલ ચેક બેંકમાં જમા કરાવતાં પરત થયેલ હોવાનું તથા તે ચેક પરત થવાનું કારણ "Funds Insufficient" તથા આરોપીને નોટિસ આપેલ હોવાનું પુરવાર કરેલ છે. તેવાં સંજોગોમાં ફરીયાદી દ્ધારા આરોપી વિરૂદ્ધ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબનો ગુનો પૂરવાર કરેલ હોવાનું ફલિત થાય છે.

વળી, ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન આરોપી તરફે કોઈ ખાસ બચાવ લેવામાં આવેલ નથી. આરોપી તરફે ઈન્કાર સ્વરૂપના માત્ર મોઘમ કથનો પ્રકારની ઉલટતપાસ લેવામાં આવેલ છે. જો કે, ફરીયાદીએ તમામ સવાલોના ફરીયાદને અનુરૂપ જવાબો આપેલાં છે. બીજું કે, કહેવાતાં તકરારી ચેકમાં પોતાની સહી હોવા કે નહીં હોવા બાબતે આરોપી તરફે કોઈ જ સવાલો ફરીયાદીને પુછવામાં આવેલાં નથી. તકરારી ચેકમાં પોતાની સહી નહીં હોવા બાબતે આરોપી તરફે કોઈ ઈન્કાર કરવામાં આવેલ નથી. આરોપી તરફે ફરીયાદીને માત્ર મોઘમ સવાલો જ પુછવામાં આવેલ છે અને તેના સંદર્ભમાં ફરીયાદીએ સ્પષ્ટ જવાબો આપેલાં છે. જો કે, આરોપીએ પોતાના વિશેષ નિવેદનમાં પણ કોઈ અસરકારક બચાવ કે રજુઆતનો ઉલ્લેખ કરેલ નથી. આમ, આરોપી દ્ધારા ફરીયાદીની વિગતવાર ઉલટતપાસ કરવામાં આવેલ છે અને આરોપી તરફે ફરીયાદીની ઉલટતપાસમાં કોઈ સ્પષ્ટ ખંડનકારી પુરાવો રેકર્ડ ઉપર આવી શકે તેવાં પ્રશ્નો પુછવામાં આવેલાં નથી, માત્ર સામાન્ય નકાર કે ઈન્કારના સ્વરૂપનાં મોઘમ સવાલો જ પુછવામાં આવેલાં છે.

ફરીયાદીના પુરાવાનું ખંડન કરવાની સંપુર્ણ જવાબદારી અને બોજો આરોપીના શિરે હોવા છતાં આરોપી ફરીયાદીના પુરાવાનું ખંડન કરવામાં અને ખંડનકારી પુરાવો રજુ રાખવામાં સદંતર નિષ્ફળ નિવડેલ છે. માત્ર મોઘમ કથનો અને આક્ષેપિત હકીકતો ખંડનકારી પુરાવાનું સ્વરૂપ લઇ શકે નહીં. બીજું કે, આરોપી દ્વારા કહેવાતો તકરારી ચેક ફરીયાદીએ ચેનકેન પ્રકારે મેળવી કે ચોરી કરી લીધેલ હોવાનો બચાવ લીધેલ છે પરંતુ, આરોપીએ ચેક ચોરી બાબતે કોઇ પોલીસ ફરીયાદ કરેલ નથી કે તેમના પોતાના ખાતાવાળી બેંકમાં સુચના આપીને ચોરી થયેલ કે ચોરાયેલ ચેક બાબતે Stop Payment ની સુચના આપી હોય તેવી પણ કોઇ હકીકત કે બચાવ રેકર્ડ ઉપર આવેલ નથી. આવાં સંજોગોમાં ફરીયાદીની તરફેણમાં થતાં કાયદાના અનુમાનનું કે ફરીયાદીના પુરાવાનું ખંડન થયેલ હોવાનું માની શકાય તેમ નથી.

[૧૭] આમ, સદર કેસમાં ઉપરોક્ત ચર્ચાઓ અને ચુકાદાઓ વંચાણે લેતાં ફરીયાદી દ્વારા કાયદેસરનું લેણું હોવાનું પુરવાર થયેલ હોઇ અને તે લેણાં પેટે આરોપી દ્વારા વાદગ્રસ્ત તકરારી ચેક આપવામાં આવેલ હોઇ તેવાં સંજોગોમાં અને આરોપી દ્વારા સ્વીકૃત છતાં વિપરીત અને વિરોધાભાસી બચાવના સંદર્ભમાં ફરીયાદીના હાલના કેસમાં કોઇ જ પ્રકારની કોઇ પણ શંકા ઉપસ્થિત થતી હોય કે ઉદ્દ્ભવતી હોય તેવું જણાતું નથી. આમ, મજકુર ફરીયાદી કથિત આરોપી સામેની પોતાની ફરીયાદ નિ:શંકપણે સાબિત કરવામાં સફળ થયેલ હોવાનું માનીને મુદ્દા નં. ૧ નો જવાબ "હકારમાં" આપીને મુદ્દા નં. ૨ અંગે નીજે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

–:: <u>આખરી હુકમ</u> ::–

(૧) આ કામના આરોપી નામે પલ્સ એન્ટરપ્રાઇઝના વહીવટ કર્તા ગુણવંતભાઇ વલ્લભભાઇ શેટા, રહે. (૧) મું. સાંગાવદર તા.–વ–જિ.બોટાદ તથા રહે. (૨) પલ્સ એન્ટરપ્રાઇઝ, પહેલો માળ, ૨૨–રાજ આર્કેડ, ગેલેક્ષી સર્કલ, પાલ, સુરત (મો. નં. ૯૯૯૮૧૨૨૭૬૩) નાઓને ફોજદારી કાર્યવાહી અધિનિયમની કલમ–૨૫૫(૨) અન્વયે ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબના ગુના સબબ દોષિત ઠરાવીને બે (૦૨) વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) વધુમાં, કથિત આરોપીને તકરારી ચેકની રકમ રૂ.૧,૭૫,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પંચોતેર હજાર પુરા) ફરીયાદીને વળતર પેટે ફરીયાદ દાખલ થયાની તા.૦૪.૦૮.૨૦૨૩ થી વાર્ષિક ૯ % ના વ્યાજ સાથે દિન–૩૦ માં ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી વળતરની રકમ ન ચુકવે અથવા વળતરની રકમ ચુકવવામાં કસુર કે વિલંબ કરે તો વધુ ચાર (૦૪) મહિનાની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. સદર રકમ આરોપીએ સૌપ્રથમ નામદાર અદાલતમાં જમાં કરાવવાની રહેશે અને ત્યારબાદ, જરૂરી હુકમથી ફરીયાદી મેળવવાપાત્ર થશે.

(૩) આ કામે આરોપીના જામીનખત રદ્દ કરવાનો અને આરોપીને જ્યુડિશિયલ કસ્ટડીમાં લેવાનો હુકમ કરવામાં આવે છે. જો કે, આજ રોજ ચુકાદાની પ્રસિદ્ધિ વખતે આરોપીના વિ.વકીલશ્રી દ્વારા આરોપીની હાજરીમાંથી મુકિતનો રીપોર્ટ રજુ રાખવામાં આવેલ છે અને નામદાર અદાલત દ્વારા સદર રીપોર્ટ ગ્રાહ્ય રાખવામાં આવેલ હોવાથી કથિત આરોપીને નામદાર અદાલત સમક્ષ હાજર રહેવા માટે અને નવાં જામીન રજુ રાખવા માટે દિન–૦૭ નો સમય ગ્રાહ્ય રાખવામાં આવે છે.

(૪) આ કામના આરોપી હાજર થયેથી તેમને ફોજદારી કાર્યવાહી અધિનિયમની કલમ–૩૬૩(એ) મુજબ ચુકાદાની ખરી નકલ તાત્કાલિક વિનામુલ્યે પૂરી પાડવી.

(૫) મજકૂર આરોપીએ સદર કેસની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન જેલમાં પસાર કરેલ સમય આરોપીને ફોજદારી કાર્યવાહી અધિનિયમની કલમ–૪૨૮ મુજબ મજરે આપવો.

હુકમ આજ તા.૧૫ મી જુન, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : સાવરકુંડલા
તારીખ : ૧૫.૦૬.૨૦૨૬

મસ્કુરૂલ્લાહખાન ફિરોજખાન પઠાણ
અધિક ચીફ જ્યુ. મેજિસ્ટ્રેટ,
તા.સાવરકુંડલા, જિ.અમરેલી
(UIC CODE NO : GJ01236)

:: By Self ::